### પાણીજન્ય રોગચાળો અટકાવવાનો વડોદરા મહાનગરપાલિકાનો પ્રયાસ

# વડોદરામાં પાણીપુરી વિક્રેતાઓ પર આરોગ્ય શાખાનું કડક ચેકિંગ , વાસી, બગડેલા અને સડેલા બટાકાનો નાશ

**નાગરિકોએ સ્વચ્છતાઅને ગુણવત્તાયુક્ત ખોરાક વેચનારા પાસેથી જ ખાદ્ય વસ્તુઓ ખરીદવા કે ખાવા આગ્રહ રાખવો**






(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા શહેરના નાગરિકોના આરોગ્યની સુરક્ષા જાળવવા અને પાણીજન્ય રોગચાળો ફેલાતો અટકાવવા માટે વડોદરા મહાનગરપાલિકાની આરોગ્યશાખા દ્વારા આજે વારસિયા અને ફતેપુરા વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી ખાસ કરીને પાણીપુરી બનાવતા અને વેચાણ કરતા વિક્રેતાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન આરોગ્ય અધિકારીઓને અનેક ગંભીર અનિયમિતતાઓ જોવા મળી હતી. કેટલાક વિક્રેતાઓ સડેલા, બગડેલા અને વાસી બટાકા બાફીને ગ્રાહકોને પીરસી રહ્યા હોવાનું બહાર આવ્યું હતું, જે સીધા લોકોના આરોગ્ય માટે ગંભીર જોખમ સમાન છે. આવા ખોરાકથી ટાઈફોઈડ, ડાયરીયા અને અન્ય પાણીજન્ય રોગો ફેલાવાની શક્યતા રહેતી હોય છે.

આરોગ્યશાખાની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી સ્થળ પરથી મળી આવેલા તમામ સડેલા અને વાસી બટાકાના જથ્થાનો નાશ કર્યો હતો. સાથે જ સંબંધીત વિક્રેતાઓને સ્વચ્છતા જાળવવા, તાજી અને ગુણવત્તાયુક્ત સામગ્રીનો ઉપયોગ કરવા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો ભવિષ્યમાં ફરી આવી ગંભીર બેદરકારી સામે આવશે તો નિયમોનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આરોગ્ય વિભાગે શહેરના નાગરિકોને પણ અપીલ કરી છે કે તેઓ હંમેશા સ્વચ્છતા જાળવનારા અને ગુણવત્તાયુક્ત ખોરાક વેચતા વિક્રેતાઓ પાસેથી જ ખાદ્ય વસ્તુઓ ખરીદે. ખાસ કરીને રોગચાળાની સિઝનમાં ખુલ્લા અને અશુદ્ધ ખોરાકનો ઉપયોગ ટાળવો અત્યંત જરૂરી છે.

## મંજુસર પોલીસે પકડેલા રૂ. 1.79 કરોડના વિદેશી દારૂ પર બૂલડોઝર ફેરવ્યુ



વડોદરા : મંજુસર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પોલીસ દ્વારા અલગ અલગ જગ્યા પરથી 13 ગુનામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. ત્યારે પોલીસને કોર્ટ તરફથી મુદ્દામાલના નાશ માટે મંજુરી મળી આવતા 7 જાન્યુઆરીના રોજ મંજુસર જી.આઈ.ડી.સી. બાયોટેકની ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂ નાશ કમિટીના અધિકારી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, સાવલી તથા વિભાગીય પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય વિભાગ, વડોદરા તથા અધિક્ષક, નશાબંધી અને આબકારી ખાતુ વડોદરા તથા પીઆઈની હાજરીમાં.રૂ.1.79 કરોડના વિદેશી દારૂના મુદ્દામાલ ઉપર રોલર ફેરવી જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

### સિકલીગર ગેંગના 5 આરોપીની ધરપકડ, 2 ફરાર, 1 ગોધરા જેલમાં

# ઘરફોડ અને ચોરીના 101 ગુનામાં સંડોવાયેલી ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.7
વડોદરા શહેર તેમજ આસપાસના જિલ્લાઓમાં છેલ્લા દસ વર્ષ દરમિયાન ઘરફોડ અને વાહન ચોરી સહિત કુલ 101 ગંભીર ગુનાઓ આચરનાર સિકલીગર ગેંગ સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ક્રાઈમ બ્રાન્ચે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ, 2015 (GCTOC) એટલે કે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી 5 આરોપીની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા મુજબ આ સંગઠિત ગુનાઓને ધ્યાનમાં લઈ આરોપીઓના ગુનાહિત ઈતિહાસની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી. તપાસમાં સામે આવ્યું કે આરોપીઓ જામીન પર મુક્ત થયા બાદ પણ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલુ રાખતા હતા, જેના પગલે ગુજસીટોક જેવા કડક કાયદાનો ઉપયોગ કરાયો છે. આ મામલે ક્રાઈમ બ્રાન્ચના PI એચ.ડી. તુવર દ્વારા મકરપુરા પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવવામાં આવ્યો છે, જેમાં સી-ડિવિઝનના ACP એ.પી. રાઠવા દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

**પકડાયેલા / સંડોવાયેલા આરોપીઓ**

- અજયસિંગ દર્શનસિંગ દુધાણી - (હાલ ગોધરા જેલમાં)
- અર્જુનસિંગ ઉર્ફે કથ્થોડ દુધાણી - ધરપકડ
- પ્રકાશ વિજયભાઇ રાજપૂત - ધરપકડ
- સન્નીસિંગ દર્શનસિંગ દુધાણી - ધરપકડ
- કરણસિંગ ઉર્ફે વિઠ્ઠલ દુધાણી - ધરપકડ
- જશપાલસિંગ ઉર્ફે બચ્ચસિંગ દુધાણી - ફરાર
- શમશેરસિંગ ઉર્ફે હબ્બસિંગ સીકલીગર - ફરાર
- શંકર સોનુભાઇ મારવાડી - તપાસ હેઠળ

**ગેંગના પરસ્પર સંબંધ**

- અજયસિંગ, અર્જુનસિંગ, સન્નીસિંગ અને કરણસિંગ - સગા ભાઈઓ
- જશપાલસિંગ - ઉપરોક્ત ભાઈઓનો પિતરાઈ
- શમશેરસિંગ - સિકલીગર ગેંગનો જાતિગત સગો
- પ્રકાશ અને શંકર - ગેંગના સભ્યોના નજીકના મિત્ર

# ડિસેમ્બર 2025ની CLAT પરીક્ષામાં શહેરના પાંચ વિદ્યાર્થીઓને નેશનલ લો યુનિ.માં પ્રવેશ



(પ્રતિનિધિ) વડોદરા, તા.7
ભારતની 26 નેશનલ લો યુનિવર્સિટીઝમાં પ્રવેશ માટે દર વર્ષે ડિસેમ્બર મહિનામાં લેવાતી CLAT (કોમન લો એડમિશન ટેસ્ટ) 2025ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત શહેરના પાંચ વિદ્યાર્થીઓને નેશનલ સ્તરે સફળતા મળી છે.

ધોરણ 12ની બોર્ડ પરીક્ષા પહેલા યોજાતી આ બે કલાકની પરીક્ષામાં શહેરના કુલ 214 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં કેરિયર લોન્ચરના પાંચ વિદ્યાર્થીઓએ NLUમાં પ્રવેશ મેળવી શહેરનું નામ ઉજાગર કર્યું છે.

CLAT એ રાષ્ટ્રીય સ્તરની કઠિન સ્પર્ધાત્મક પરીક્ષા છે, જેના માધ્યમથી દેશના અગ્રણી વકીલો, ન્યાયાધીશો, નીતિ નિર્માતાઓ અને કોર્પોરેટ કાનૂની વ્યાવસાયિકો તૈયાર થાય છે. પરીક્ષામાં અંગ્રેજી, જનરલ નોલેજ-કરંટ અફેર્સ, લીગલ એપ્ટિટ્યુડ, લોજિકલ રીઝનિંગ અને ક્વાન્ટિટેટિવ ટેકનિક જેવા વિષયોના 120 MCQsનો સમાવેશ થાય છે. કેરિયર લોન્ચર વડોદરાના ડિરેક્ટર હાર્દિક ક્રિપલાનીના જણાવ્યા મુજબ, દિવ્યેંદુ સરકાર, યશવી ભંડારી, તનુષ દિક્ષિત અને અવંતિ લાંડગેને NLU ગાંધીનગરમાં તથા તેજસ ગર્ગને NLU લખનઉમાં BA-LLB અને BBA-LLB અભ્યાસ માટે પ્રવેશ મળ્યો છે. દર વર્ષે 70,000થી વધુ વિદ્યાર્થીઓ CLAT આપે છે, જ્યારે NLUsમાં માત્ર આશરે 4,000 બેઠકો ઉપલબ્ધ હોય છે, જેના કારણે આ પરીક્ષા અત્યંત સ્પર્ધાત્મક ગણાય છે.

### કડક બજારમાં પાલિકાનું 'કડક' વલણ

# રસ્તા રોકીને બેઠેલા દબાણકર્તાઓ પર ત્રાટકી ટીમ, માર્ગો ખુલ્લા કરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.7
વડોદરા શહેરના વ્યસ્ત ગણાતા કડક બજાર વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાને હલ કરવા માટે વડોદરા મહાનગરપાલિકા અને ટ્રાફિક પોલીસ દ્વારા બુધવારે વહેલી સવારથી જ આક્રમક દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. લાંબા સમયથી રસ્તા પર પથરાયેલા ગેરકાયદેસર કેબિનો, લારી-ગલ્લા અને લટકણીયાઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી, જે અંતર્ગત આજે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કડક બજાર વિસ્તારમાં વેપારીઓ દ્વારા રસ્તા પર સામાન ખડકી દેવામાં આવતો હતો તેમજ અસ્થાયી કેબિનો અને લારીઓને કારણે રસ્તો સાંકડો થઈ જતો હતો. આ બાબતે સ્થાનિકો અને મુસાફરોની સતત ફરિયાદોને ધ્યાને રાખીને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર 13ની ટીમ, દબાણ શાખા અને ટ્રાફિક પોલીસની ટુકડીઓએ સંયુક્ત ઓપરેશન પાર પાડ્યું હતું. આ કામગીરી દરમિયાન રસ્તા પર અડચણરૂપ બનેલા લારી-ગલ્લા, ગેરકાયદેસર ઉભા કરાયેલા કેબિનો અને દુકાનની બહાર



લટકાવેલા સામાનને જપ્ત કરી લેવામાં આવ્યો હતો. દબાણ હટાવવાની ટીમે જેસીબી અને અન્ય સાધનોની મદદથી માર્ગને સંપૂર્ણપણે અવરોધમુક્ત બનાવ્યો હતો. આ કાર્યવાહી અંગે માહિતી આપતા વોર્ડ નંબર 13ના વોર્ડ ઓફિસર અતિશેષ ચૌધરીએ જણાવ્યું હતું કે, "અમે ટ્રાફિક શાખા અને વોર્ડની ટીમ સાથે મળીને આ રસ્તો ક્લિયર કરવાની કામગીરી કરી છે.

# વડોદરા પાલિકાએ 858 સ્થળોએ દરોડા, ગેરકાયદે કનેક્શનો કાપી મોટરો જપ્ત કર્યા

વડોદરા : વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા વિભાગ દ્વારા શહેરના ચારેય ઝોનમાં પાણીના જોડાણોના નિરીક્ષણ માટે હાથ ધરાયેલી ખાસ ડ્રાઈવ અંતર્ગત આજે વ્યાપક તપાસ કરવામાં આવી હતી. દૂષિત પાણીની ફરિયાદો અને ગેરકાયદેસર રીતે પાણી ખેંચતા જોડાણોને ડામવા માટે પાલિકાની ટીમોએ કુલ 858 સ્થળો પર તપાસ હાથ ધરી હતી, જેમાંથી કુલ 9 ગેરકાયદે કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા અને ડાયરેક્ટ મોટર દ્વારા પાણી ખેંચતા ગ્રાહકો સામે લાલ આંખ કરી હતી. પાલિકા દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, તારીખ 07/01/2026 ના રોજ શહેરના પૂર્વ ઝોનમાં 67, પશ્ચિમ ઝોનમાં 175, ઉત્તર ઝોનમાં 45 અને દક્ષિણ ઝોનમાં સૌથી વધુ 571 મળી કુલ 858 પાણીની લાઈનોનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન ઉત્તર ઝોનમાં સરસ્વતીનગર, નવાયાર્ડ અને કૈલાશ ફ્લેટની આજુબાજુના વિસ્તારોમાંથી કુલ 6 ગેરકાયદેસર જોડાણો મળી આવતા તેને સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા. તેવી જ રીતે દક્ષિણ ઝોનના જલારામનગર-તરસાલી વિસ્તારમાં પણ 3 ગેરકાયદે કનેક્શન શોધીને દૂર કરવામાં આવ્યા હતા. વિસ્તારવાર વિગતો જોઈએ તો, દક્ષિણ ઝોનના વોર્ડ નં. 16 માં ઈન્દ્રનગર સામે લાઈન લિફ્ટિંગ અને ડાયરેક્ટ મોટર લગાવવાની કામગીરીનું ચેકિંગ કરાયું હતું, જેમાં 2 સ્થળોએ ડાયરેક્ટ મોટર મળી આવતા પાલિકાએ તેને જપ્ત કરી લીધી હતી.

# મેકર ફેસ્ટ વડોદરા 2026 : બે દિવસીય ઉત્સવનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા, તા.7
વડોદરા શહેરમાં મેકર ફેસ્ટ વડોદરા 2026 તેની 8મી આવૃત્તિ સાથે ફરી પાછું આવી રહ્યું છે. આ બે દિવસીય ઉત્સવનું આયોજન 10 અને 11 જાન્યુઆરી 2026ના રોજ ફેકલ્ટી ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા ખાતે કરવામાં આવશે, જે આ આવૃત્તિ માટે સહ-આયોજક સંસ્થા છે. ઉત્સવનું આયોજન યુવાલય મેકરસ્પેસ (Yuvalay Charitable Trust) દ્વારા વડોદરા ઈનોવેશન કાઉન્સિલના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે દેશભરમાંથી 550થી વધુ એન્ટ્રીઓ મળી હતી, જેમાંથી કડક મૂલ્યાંકન બાદ 70 નવીન પ્રોજેક્ટ્સનું પ્રદર્શન માટે પસંદગી કરવામાં આવી છે. ગુજરાત ઉપરાંત ઝારખંડ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાંથી મેકર્સ ભાગ લઈ રહ્યા છે, જે ઉત્સવની રાષ્ટ્રીય ઓળખ દર્શાવે છે. આ આવૃત્તિની ખાસ વિશેષતા તરીકે "મેકર ફેસ્ટ જુનિયર"ની શરૂઆત કરવામાં આવી છે, જે શાળા સ્તરના બાળકોમાં નવીન વિચારશક્તિ અને આત્મવિશ્વાસ વિકસાવવાનું કામ કરશે. ઉત્સવ દરમિયાન AI ટોક્સ, પેનલ ચર્ચાઓ, ચેન્જમેકર પ્રેઝન્ટેશન્સ અને હેન્ડ્સ-ઓન વર્કશોપ્સ યોજાશે.

# BCAની ચૂંટણીનું નોટિફિકેશન જાહેર કરાયું

વડોદરા : બરોડા ક્રિકેટ એસોસિયેશનની વર્ષ 2026 થી વર્ષ 2029 સત્ર માટેની ચૂંટણી આગામી તા.15 ફેબ્રુઆરી રવિવારના રોજ યોજાશે. મતદાનનો સમય સવારે 9 વાગ્યાથી બપોરે 4 વાગ્યા સુધીનો રહેશે. શહેરના શાસ્ત્રી બ્રિજ પાસે નાનુભાઈ અમીન માર્ગ પર આવેલ રામબાગ ખાતે બી.સી.એ.ની ચૂંટણી યોજાશે. તે જ દિવસે સાંજે એટલે કે, તા.15 ફેબ્રુઆરી રવિવારના રોજ સાંજે 6 વાગ્યાથી મત ગણતરીની શરૂઆત થશે. જ્યારે તા.16 ફેબ્રુઆરીના રોજ પરિણામોની જાહેરાત થશે. મતદાન સમયે સભ્યોને ફરજિયાત પણે બીસીએ દ્વારા જારી કરાયેલ માન્ય ઓળખ પત્ર ડ્રાઈવિંગ લાયસન્સ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ અથવા પાસપોર્ટ સાથે રાખવાના રહેશે.


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૨૨/૨૫-૨૬ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૦૧ | ૮૨,૧૧,૫૧૨/- |
| ૨ | ૧૦૨૩/૨૫-૨૬ | રોડ પ્રોજેક્ટ | ૦૪ | ૨૨,૬૪,૬૪,૯૬૯/- |
| ૩ | ૧૦૨૪/૨૫-૨૬ | સેન્ટ્રલ સ્ટોર | ૦૨ | ૧૪,૬૪,૩૦૭/- |
| ૪ | ૧૦૨૫/૨૫-૨૬ | સયાજીબાગ ઝૂ | ૦૧ | ૧,૪૩,૮૪,૩૮૬/- |

**નોંધ: અ.નં. ૧,૨ અને ૪ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૦૨૬/૨૦૨૫-૨૬ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત



**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.** — Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નંબર 802, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-400069
ગોધરા શાખા: દુકાન નં.3, પહેલો માળ, શ્રી સ્વામિનારાયણ એવ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-389001
બોડેલી શાખા: મિલકત નંબર 14, પહેલો માળ, અગ્રવાલ કોમ્પ્લેક્સ, ડભોઈ રોડ, બોડેલી-391135, ગુજરાત.
વડોદરા શાખા: ઓફિસ નંબર - 404, ચોથો માળ, એટલાન્ટિસ કોમ્પ્લેક્સ, પેટ્રોલ પંપ સામે, સારાભાઈ રોડ, વડોદરા-390001 (ગુજરાત)

**ઇ-ઓક્શન સેલ નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-2002ના નિયમ 8(6)ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવી છે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ગેજ છે, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. જે મિલકત કોઈ જાણીતા બોજા વિના ''જ્યાં છે ત્યાં'', ''જેમ છે તેમ'' અને ''જે છે તે'' આધારે વેચવામાં આવશે, જેની વિગતો નીચે આપેલ છે:

| ક્ર. નં. | ઉધાર લેનાર/(ઓ) સહ-ઉધાર લેનાર/(ઓ) બાંયધરી આપનાર(ઓ) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત (RP) | EMD (RPના 10%) | કબજાની પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નંબર 17610000195/ ગોધરા શાખા) જયદિપસિંહ મોહનસિંહ રાઠોડ (ઉધાર લેનાર) ગીતાબેન જયદિપભાઈ રાઠોડ (સહ ઉધાર લેનારા) | 09-10-2024 & ₹ 3,96,454/- | મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, જી.એફ. હાઉસ નં.: ૬/૩૪ ધરમપુરી ફડીયુ હરકુંડી ધરમપુરી રોડ હરકુંડી પંચમહાલ ગુજરાત ૩૮૯૩૪૦. સીમાઓ: પૂર્વ - રોડ, પશ્ચિમ - રોડ, ઉત્તર - ભલાભાઈ રાઠોડની મિલકત, દક્ષિણ - ખુલ્લી જમીન | Rs. 5,71,500/- | Rs. 57,150/- | ભૌતિક |
| 2 | (લોન કોડ નંબર 50410000024/ બોડેલી શાખા) મનહરભાઈ છગનભાઈ સલાટ (ઉધાર લેનારા) શારદાબેન સલાટ (સહ ઉધાર લેનારા) | 12-04-2025 & ₹ 4,06,595/- | મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, જી.એફ. હાઉસ નં. ૨૫૮ સલાટ ફળિયું ભમરોલી રોડ, દેવધા દોહાદ ગુજરાત અને ૩૮૯૩૮૦. સીમાઓ: પૂર્વ-મુકેશ છગન સલાટનું ઘર, પશ્ચિમ - ભાટેસિંહ વિરસિંહભાઈ સલાટ હાઉસ, ઉત્તર- બલતભાઈ ખુમાનભાઈ બારિયા ફાર્મ, દક્ષિણ - નવલસિંહભાઈ કલસિંગભાઈ બારિયા ફાર્મ | Rs. 4,04,568/- | Rs. 40,457/- | ભૌતિક |
| 3 | (લોન કોડ નંબર 03810000423/ વડોદરા શાખા) ગૌરવકુમાર અગ્રવાલ (ઉધાર લેનાર) શીતલ અગ્રવાલ (સહ ઉધાર લેનાર) | 12-04-2025 & ₹ 37,14,570/- | મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, જી.એફ. બ્લોક નં. ૩૭ પટેલ પાર્ક કો.ઓપ હાઉસિંગ સોસાયટી લિ. વારસિયા રોડ, વડોદરા ગુજરાત ૩૯૦૦૦૬. સીમાઓ: પૂર્વ - બ્લોક નં. સી- ૩૬, પશ્ચિમ - બ્લોક નં. સી-૩૮, ઉત્તર - બ્લોક નં. સી-૪૦, દક્ષિણ- ટી.પી. રોડ | Rs. 30,00,000/- | Rs. 3,00,000/- | ભૌતિક |

1. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકાર કરેલી શરતો (ટેન્ડર ડોક્યુમેન્ટ્સ) સાથે અર્નેસ્ટ મની ડિપોઝીટનો ડીડી જમા કરાવવાની છેલ્લી તારીખ 27-01-2026 સાંજે 5.00 વાગ્યા સુધી છે, જે ઉપર જણાવેલ શાખાના સરનામા પર જમા કરાવવાની રહેશે. અથવા તેને https://bankeauctions.com પર અપલોડ કરવી. છેલ્લી તારીખ બાદ મળેલા ટેન્ડર દસ્તાવેજને અમાન્ય માનવામાં આવશે અને નામંજૂર કરવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહીં.
2. https://bankeauctions.com પર મિલકત માટે બિડ/ઓફર (હરાજી તારીખ) ખોલવાની તારીખ 28-01-2026, સમય બપોરે 3.00 વાગ્યાથી 4.00 વાગ્યા સુધી છે.
3. ઉપર ઉલ્લેખિત મિલકત પર કોઈ પણ દેવું બાકી હોય તો AHFL જવાબદાર રહેશે નહીં. મિલકતનું વેચાણ 'એઝ ઈઝ વ્હેર ઈઝ બેસીસ', 'એઝ ઈઝ વ્હોટ ઈઝ બેસીસ' અને 'વ્હોટેવર ઈઝ ધેઅર ઈઝ બેસીસ' કરાશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ'ના ફેવરમાં બનાવવો.
5. હરાજી/બિડિંગ વેબસાઇટ https://bankeauctions.com મારફતે 'ઓનલાઇન ઈલેક્ટ્રોનિક બિડિંગ' મારફતે કરાશે. ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં બિડર્સે વેબસાઇટ પર વિગતવાર શરતો વાંચી લેવી.
6. રસ ધરાવતા બિડર્સે તેમના નામ લિન્ક https://bankeauctions.com/registrations/signup મારફતે M/s C 1 INDIA PVT LTD પોર્ટલ પર રજિસ્ટર કરાવવા અને પોતાના યુઝર આઈડી અને પાસવર્ડ મફતમાં મેળવવા. રસ ધરાવતા બિડર્સને ઈ-હરાજી માટે સર્વિસ પ્રોવાઇડર M/s C 1 INDIA PVT LTD તરફથી ઓનલાઇન પ્રશિક્ષણ વેબસાઇટ https://bankeauctions.com મારફતે મળશે.
7. વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની, સંપર્ક નં. 99133 33214 પર સંપર્ક કરવો અથવા સર્વિસ પ્રોવાઇડર M/s C 1 INDIA PVT LTDનો સંપર્ક કરવો: શ્રી પ્રભાકરન, મોબાઈલ નં.: +91-74182 81709, ઈમેલ: tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +91-7291981124/25/26. આ તારીખ સુધી AHFL-AHFLના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત સંપત્તિઓના વેચાણ, વિસ્થાપન અને/અથવા નિકાલ પર કોઈ પ્રતિબંધ અને/અથવા કોર્ટનો મનાઈ હુકમ નથી.
8. વેચાણની વિગતવાર શરતો જાણવા આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઇટ www.aadharhousing.comમાં આપેલી લિન્કનો સંદર્ભ લેવો.
9. હરાજી માટે બિડમાં વધારાની રકમ રૂ. 10,000/- છે.
10. આ અખબાર પ્રકાશન અને તેમાં સમાવિષ્ટ ડેટા સામાન્ય જાહેર પ્રસાર માટે છે. આ સામગ્રીનું સંપૂર્ણ અથવા આંશિક રીતે, કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમથી, પછી ભલે તે પ્રિન્ટ, ડિજિટલ, ઇલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેલ અથવા વેબ પ્રકાશનો હોય અથવા અન્યથા કોઈપણ માધ્યમથી કોઈપણ પુનઃઉત્પાદન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન સખત પ્રતિબંધિત છે. ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ માધ્યમ દ્વારા કોઈપણ અનધિકૃત ઉપયોગ કરવાથી AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં કરવામાં આવી શકે છે.

સ્થળ: ગુજરાત તારીખ: 08-01-2026
એસડી/-અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ


## સ્માર્ટ સિટીના દાવા પોકળ?

# તાંદલજાના અનેક ફળિયાઓમાં ગટર ઉભરાતા રોગચાળાની દહેશત



(પ્રતિનિધિ) વડોદરા, તા.7
તાંદલજા ગામના લીમડી ફળિયું, સરપંચ ફળિયું, દેવડદાસનું ફળિયું, રાયણ ફળિયું અને કુંભાર ફળિયું સહિતના વિસ્તારોમાં ગટરના પાણી રસ્તાઓ પર ફરી વળ્યા છે. જાણે ચોમાસામાં પૂર આવ્યું હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ગંદા અને દુર્ગંધ મારતા પાણી લોકોના ઘરો સુધી પહોંચી રહ્યા છે, જેના કારણે સ્થાનિકોમાં રોગચાળો ફેલાવાનો ભય સતાવી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગામમાં આવેલી બે મસ્જિદો અને શાળાઓ પાસે પણ ગટરના પાણી ભરાયેલા રહે છે. નમાજ પઢવા જતા શ્રદ્ધાળુઓ માટે આ ગંદા પાણીમાંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે. આ ઉપરાંત નાના બાળકોને પણ શાળાએ જવા માટે આ જ દૂષિત પાણીનો સામનો કરવો પડે છે, જે સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. ગ્રામજનોનો આરોપ છે કે તેમણે વોર્ડ ઓફિસર, કાઉન્સિલરો અને ઓનલાઈન ફરિયાદના માધ્યમથી અનેકવાર રજૂઆતો કરી છે. ઘણીવાર ફરિયાદ કરવામાં આવે ત્યારે 'કામ પૂરું થઈ ગયું છે' તેવા મેસેજ આવી જાય છે, પરંતુ વાસ્તવિકતામાં સ્થિતિ જેમની તેમ જ રહે છે. કર્મચારીઓ માત્ર ઉપરછલ્લું કામ કરીને જતા રહે છે અને કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. સ્થાનિક આગેવાનો અને રહીશોએ આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ એસી ઓફિસમાંથી બહાર નીકળીને પરિસ્થિતિ જોવાની તસ્દી પણ લેતા નથી.


[પરિશિષ્ટ - IV-A] [નિયમ 8 (6) r/w 9(1)ની જોગવાઈ જુઓ]

**સ્થાવર મિલકતના ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ**

**એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
સીઆઈએન: U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઇસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કાલીના, મુંબઈ-400098

**સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ ગીરવે મૂકેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજીની વેચાણ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6) અને 9 (1)ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવે છે.**

નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓ (જેને બાદમાં 'અસાઇનર' તરીકે ઓળખવામાં આવશે)ની નાણાકીય સુવિધાઓને એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે, જે નીચે આપવામાં આવેલી કોલમમાં સ્પષ્ટ રૂપે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટીઓ તરીકે તેમની ક્ષમતામાં કાર્ય કરી રહ્યા છે. ઉક્ત અસાઇનમેન્ટના અનુસંધાનમાં EARCએ અસાઇનરની જગ્યા લીધી છે અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કરે છે. ઉક્ત EARCએ સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં SARFAESI એક્ટના 13(4) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.
આથી, આમ જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓને 15/30 દિવસની નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સિક્યોર્ડ લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે. જેને "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે'' આધાર પર EARCની નીચે દર્શાવેલ બાકી રકમની વસૂલાત માટે વેચવામાં આવશે. સાથે EARC દ્વારા ઉધાર લેનારા(ઓ) અને બાંયધરી આપનાર(ઓ)એ મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/કોસ્ટ વસૂલ કરવામાં આવશે. પ્રોપર્ટી માટે રિઝર્વ પ્રાઈસ અને ધ અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-ઓક્શન માટે મૂકવામાં આવેલી સુરક્ષિત અસ્કયામતોની વિગતો:**

| લોન A/c નંબર/ વેચાણ સંસ્થા | ઋણ લેનાર/ સહ-ઉધાર લેનારનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી રકમ રૂ. | અનામત કિંમત (રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઇએમડી) (રૂ.) | હરાજીની તારીખ અને સમય | પઝેશનનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| '17488246 /IDFC First Bank, | ૧. વેલાભાઈ સવજીભાઈ પટેલ ("ઋણધારક") ૨. જેબરબેન વેલાભાઈ પટેલ (સહ-ઋણધારક) | EARC TRUST SC 468 | ૨૪.૧૨.૨૦૨૫ના રોજ રૂ. ૬૭,૦૭,૧૬૮.૫૬ | Rs. 16,50,000.00 | Rs. 1,65,000.00 | 10-02-2026 at 2:30PM | ભૌતિક કબજો |

મિલકતનું વર્ણન: મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, પહેલા માળે જી-ટાઈપ, ફ્લેટ નં.૧, ૭૯.૮૯ ચો.મી. બાંધકામ, મોજે આણંદમાં બિન-કૃષિ પ્લોટ જમીનમાં, આરએસ નં. ૭૫૧, ટી.પી. સ્કીમ નં.૭, એફ.પી. નં. ૨૭૪,૨૭૫ સબ પ્લોટ નં.૧૦, ૭૦૨.૧૦ ચો.મી.

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વની માહિતી:**

| | | |
|---|---|---|
| 1. | EMD ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) "એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ- EMD એકાઉન્ટ"ની તરફેણમાં દોરવામાં આવશે. મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર. | |
| 2. | RTGS દ્વારા કરવામાં આવેલ EMD ચુકવણીઓ નીચે મુજબ હોવી જોઈએ: એકાઉન્ટ નંબર એડેલવેઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ-EMD એકાઉન્ટ"ના નામે - એકાઉન્ટ નંબર: 000405158602; બેંકનું નામ -ICICI બેંક; IFSC કોડ: IFSC ICIC0000004 | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખથી 1 દિવસ પહેલા પ્રાપ્ત. |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કાલીના, મુંબઈ-400098 |
| 5. | હરાજીનું સ્થળ (ઓક્શન માટેની વેબ સાઈટ) | ઈ-ઓક્શન (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | કસ્ટમર કેર :1800 266 6540 |
| 7. | મિલકતનું નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી. |

વેચાણની વિગતો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંક પર જવું.
તારીખ: 08-01-2026
સ્થળ: મુંબઈ
અધિકૃત અધિકારી
ફોર એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

Edelweiss Asset Reconstruction



**આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.** — Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 802, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.
ગોધરા શાખા: દુકાન નં. 3, પ્રથમ માળ, શ્રીસ્વામિનારાયણ એવે, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001.

**ઇ-ઓક્શન સેલ નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ-2002ના નિયમ 8(6)ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવી છે.
આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકત મોર્ગેજ છે, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. જે મિલકત કોઈ જાણીતા બોજા વિના ''જ્યાં છે ત્યાં'', ''જેમ છે તેમ'' અને ''જે છે તે'' આધારે વેચવામાં આવશે, જેની વિગતો નીચે આપેલ છે:

| અ. નં. | ઉધાર લેનાર/(ઓ) સહ-ઉધાર લેનાર/(ઓ) બાંયધરી આપનાર(ઓ) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત (RP) | EMD (RPના 10%) | કબજાની પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નંબર 17600000097/ ગોધરા શાખા) મહેન્દ્ર રાયસિંગ બારીયા (ઉધાર લેનાર) સંગીતાબેન મહેન્દ્રભાઈ બારીયા (સહ-ઉધાર લેનાર) બાબુભાઈ છગનભાઈ ખરાડીયા (જામીનદાર) | 12-05-2025 & ₹ 9,06,119/- | પ્રોપર્ટી બેરિંગનો તે તમામ ભાગ અને પાર્સલ, આર સર્વે નંબર 14 પૈકી 3 પ્લોટ નંબર 3 પૈકી એ સરસ્વતી નગર પાર્ક સોસાયટી 2 ડેલસર પ્રાઇમરી સ્કૂલ ઉકરડી રોડ મોજે ડેલસર. સીમાઓ: પૂર્વ - ખુલ્લો પ્લોટ, પશ્ચિમ - પ્લોટ નંબર 2 બિલ્ડીંગ, ઉત્તર - રોડ, દક્ષિણ - રોડ | Rs. 15,09,520/- | Rs. 1,50,952/- | ભૌતિક |

1. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકાર કરેલી શરતો (ટેન્ડર ડોક્યુમેન્ટ્સ) સાથે અર્નેસ્ટ મની ડિપોઝીટનો ડીડી જમા કરાવવાની છેલ્લી તારીખ 11-02-2026 સાંજે 5.00 વાગ્યા સુધી છે, જે ઉપર જણાવેલ શાખાના સરનામા પર જમા કરાવવાની રહેશે. અથવા તેને https://bankeauctions.com પર અપલોડ કરવી. છેલ્લી તારીખ બાદ મળેલા ટેન્ડર દસ્તાવેજને અમાન્ય માનવામાં આવશે અને નામંજૂર કરવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહીં.
2. https://bankeauctions.com પર મિલકત માટે બિડ/ઓફર (હરાજી તારીખ) ખોલવાની તારીખ 12-02-2026, સમય બપોરે 3.00 વાગ્યાથી 4.00 વાગ્યા સુધી છે.
3. ઉપર ઉલ્લેખિત મિલકત પર કોઈ પણ દેવું બાકી હોય તો AHFL જવાબદાર રહેશે નહીં. મિલકતનું વેચાણ 'એઝ ઈઝ વ્હેર ઈઝ બેસીસ', 'એઝ ઈઝ વ્હોટ ઈઝ બેસીસ' અને 'વ્હોટેવર ઈઝ ધેઅર ઈઝ બેસીસ' કરાશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર 'આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ'ના ફેવરમાં બનાવવો.
5. હરાજી/બિડિંગ વેબસાઇટ https://bankeauctions.com મારફતે 'ઓનલાઇન ઈલેક્ટ્રોનિક બિડિંગ' મારફતે કરાશે. ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં બિડર્સે વેબસાઇટ પર વિગતવાર શરતો વાંચી લેવી.
6. રસ ધરાવતા બિડર્સે તેમના નામ લિન્ક https://bankeauctions.com/registrations/signup મારફતે M/s C 1 INDIA PVT LTD પોર્ટલ પર રજિસ્ટર કરાવવા અને પોતાના યુઝર આઈડી અને પાસવર્ડ મફતમાં મેળવવા. રસ ધરાવતા બિડર્સને ઈ-હરાજી માટે સર્વિસ પ્રોવાઇડર M/s C 1 INDIA PVT LTD તરફથી ઓનલાઇન પ્રશિક્ષણ વેબસાઇટ https://bankeauctions.com મારફતે મળશે.
7. વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની, સંપર્ક નં. 99133 33214 પર સંપર્ક કરવો અથવા સર્વિસ પ્રોવાઇડર M/s C 1 INDIA PVT LTDનો સંપર્ક કરવો: શ્રી પ્રભાકરન, મોબાઈલ નં.: +91-74182 81709, ઈમેલ: tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +91-7291981124/25/26. આ તારીખ સુધી AHFL-AHFLના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત સંપત્તિઓના વેચાણ, વિસ્થાપન અને/અથવા નિકાલ પર કોઈ પ્રતિબંધ અને/અથવા કોર્ટનો મનાઈ હુકમ નથી.
8. વેચાણની વિગતવાર શરતો જાણવા આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઇટ www.aadharhousing.comમાં આપેલી લિન્કનો સંદર્ભ લેવો.
9. હરાજી માટે બિડમાં વધારાની રકમ રૂ. 10,000/- છે.
10. આ અખબાર પ્રકાશન અને તેમાં સમાવિષ્ટ ડેટા સામાન્ય જાહેર પ્રસાર માટે છે. આ સામગ્રીનું સંપૂર્ણ અથવા આંશિક રીતે, કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમથી, પછી ભલે તે પ્રિન્ટ, ડિજિટલ, ઇલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેલ અથવા વેબ પ્રકાશનો હોય અથવા અન્યથા કોઈપણ માધ્યમથી કોઈપણ પુનઃઉત્પાદન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન સખત પ્રતિબંધિત છે. ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ માધ્યમ દ્વારા કોઈપણ અનધિકૃત ઉપયોગ કરવાથી AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં કરવામાં આવી શકે છે.

સ્થળ: ગુજરાત, તારીખ: 08-01-2026
એસડી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ